# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/278 Dt. 03/01/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સિલના સહયોગથી વેપાર–ઉદ્યોગમાં ડિજિટલ ટેકનોલોજીથી ગ્રોથ વિષે કાર્યક્રમ યોજાયો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સિલના સહયોગથી પ્રગતિની સાથે પ્રોડકટીવિટી પ્રોગ્રામ સિરિઝ અંતર્ગત શુક્રવાર, તા. ૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા સુરત ખાતે વેપાર–ઉદ્યોગમાં ડિજિટલ ટેકનોલોજીથી ગ્રોથ વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એક્ષ્પર્ટ શ્રી અમિત સલુજાએ ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં વેપાર–ઉદ્યોગ માટે ડિજિટલ ટેકનોલોજી અપનાવવી હવે વિકલ્પ નહીં, પરંતુ અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે. ચેમ્બર હંમેશા તેના સભ્યોને નવી ટેકનોલોજી અને આધુનિક વ્યવસાયિક વિચારધારાથી જોડવા માટે સતત પ્રયત્નશીલ છે.

સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સિલના પ્રમુખ શ્રી નિરવ રાણાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ડિજિટલાઇઝેશન દ્વારા કાર્યક્ષમતા, પારદર્શકતા તથા વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મકતા વધારી શકાય છે. તેમણે કહ્યું કે, વેપાર – ઉદ્યોગમાં ડિજિટલાઇઝેશન ખૂબ જ જરૂરી છે.

શ્રી અમિત સલુજાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગ – વ્યવસાયમાં મશીનનો આઉટ પુટ કેટલો નીકળે છે તેવા રિયલ ડેટાને આધારે કેપેસિટી યુટીલાઇઝેશન જાણી શકાય છે. સામાન્યપણે એમએસએમઇ પ્લાન્ટમાં રાઇટ લેવલ ઓફ ડેટા નથી હોતો, જેથી ઓપરેશન વિઝીબિલિટી, મશીન એફિશિયન્સી, મશીન પર કેટલું નુકસાન થાય છે?, ડાઉન ટાઇમ કેટલો છે? અને તે કયા કારણસર થાય છે તે યોગ્ય રીતે જાણી શકાતું નથી.

તેમણે કહ્યું હતું કે, એમએસએમઇ ઉદ્યોગકારો જો સિસ્ટમમાં એડીશન લાવી શકે છે અને પ્રોસેસિંગ લેવલ બદલી શકે છે તો ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગથી કેપેસિટી પણ વધારી શકે છે. ડિજિટલ ટેકનોલોજીને આધારે દરેક મશીનનો શીફટ પ્રમાણે ડાઉન ટાઇમ ૧૫ મિનિટ ઇમ્પ્રુવ કરી શકીએ તો કેપેસિટીને ૩ ટકા વધારી શકીએ છે. પ્લાન્ટમાં સ્ક્રેપને ૧ ટકા ઘટાડી શકીશું તો પ્રોફિટ માર્જિનને ૩ ટકા સુધી વધારી શકીશું.

શ્રી સલુજાએ વધુમાં જણાવ્યું હતું કે, ઘણી ફેકટરીઓમાં ડિસિજન મેકીગ મેન્યુઅલી થાય છે, પરંતુ વ્યવસાયના કદ અનુસાર યોગ્ય ડિજિટલ ટૂલ્સ અપનાવી ખર્ચ ઘટાડીને ઉત્પાદનની ક્ષમતા અને નફાકારકતા વધારી શકાય છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને સલાહ આપી હતી કે, વેપાર–ઉદ્યોગમાં સસ્ટેનેબિલિટી અગત્યની છે. ઉદ્યોગમાં સાતત્યતા જાળવવાની સાથે બેથી સાત ટકા સુધી બિઝનેસને ગ્રો કરવાની દિશામાં વિચારવું જોઇએ. તેમણે વિવિધ ઉદાહરણો અને કેસ સ્ટડીઝ દ્વારા ડિજિટલ ટેકનોલોજીથી થયેલા વ્યવસાયિક લાભો પણ સમજાવ્યા હતા.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બર અને સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સિલના પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદ કાપડીયાએ વકતાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે ગૃપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત સભ્યો માટે પ્રશ્નોત્તરી સત્ર પણ યોજાયું હતું, જેમાં વેપાર–ઉદ્યોગ સંબંધિત વિવિધ પ્રશ્નોના શ્રી અમિત સલુજાએ સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.